EDI

Gujarat Samachar

March 31, 2016
Page No. 2
of Ahmedabad City Plus

# પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા ગ્રાઉન્ડ લેવલથી કામ કરવાની જરૂર



ગુજરાતના લોકો ખાણીપીણીના શોખીન તરીકે દેશભરમાં પ્રસિધ્ધ છે. ખાણીપીણી ક્ષેત્રે જોડાયેલા ઉદ્યોગસાહસિકો જો સ્વચ્છતા અને ગુણવત્તાસભર ભોજન પર વધુ ભાર આપે તો વધુને વધુ પ્રવાસીઓને આકર્ષીને બિઝનેસનો વિકાસ કરી શકે છે. આ કન્સેપ્ટને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં ઝડપથી વિકસતા પ્રવાસન ઉદ્યોગમાંથી ગુજરાતના લોકોને મહત્તમ બિઝનેસ મળી શકે તે માટે ભારતીય ઉદ્યમિતા વિકાસ નિગમ (ઈડીઆઈઆઈ) તથા ગુજરાત સરકારના ટુરિઝમ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા કૌશલ્ય નિર્માણ અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ અંતર્ગત ખાણીપીણીના બિઝનેસ સાથે સંકળાયેલા ૧૨૦ ઉદ્યોગસાહસિકો તથા પ્રવાસીઓને શહેરની શેર કરાવતા ૧૨૦ ટેક્સી તથા રિક્ષા ડ્રાઈવરને ઉદ્યોગસાહસિકતાની તાલીમ આપવામાં આવી હતી. આ અંગે વાત કરતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુકલા કહે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના પ્રવાસનમાં પાંચ ગણો વધારો થયો છે. ગુજરાત જ્યારે વધુ પર્યટકોને આકર્ષી રહ્યું છે ત્યારે પ્રવાસન સાથે સંકળાયેલા લોકો ઉપર નૈતિકતાથી બિઝનેસ કરવાની જવાબદારી અનેકગણી વધી જાય છે. જો આમ થશે તો ગુજરાત દેશનું ટુરિસ્ટ હબ બનવાની દિશામાં ઝડપથી ડગ માંડી શકશે.